# પાઉલ અને બાર્નાબાસે જેમ કર્યું તેમ એક ટીમ તરીકે આપણા પ્રભુની સેવા કરો.

બાળકોને શિખવનારે સ્ટડી વાંચવો.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમે અને તમારા શિષ્યોએ જેમ કર્યું તેમ અમે વિશ્વાસીઓ ટીમ તરીકે અમારા પ્રયત્નો અને કાર્યો કરીએ માટે અમારી સહાય કરો.

વિશ્વાસીઓની જરૂરિયાતો દેવે આપેલ શક્તિઓ અને સ્થાનિક રસમ અનુસારની પ્રવૃત્તઓ પસંદ કરો.

**૧. વિશ્વાસીઓ સાથે મળીને કાર્ય જૂથો તરીકે સેવા કરે માટે તેમને મદદરૂપ થવા માટે પ્રભુના વચન દ્વારા તૈયારી કરો.**

### ૧અ) બાર્નાબાસ ટીમ વર્કર હતો.

બાર્નાબાસ બીજાઓની જરૂરિયાતોની કાળજી લેનારો હતો અને તેણે વિશ્વાસીઓને સંકલિત કર્યા કે તેઓ એક ટીમ તરીકે કાર્ય કરે. **પ્રેકૃ.૪:૩૪-૩૭** માં જૂઓ, જેઓ જરૂરિયાતમાં હતા તેવા લોકો માટે તેણે શું કર્યું.

**પ્રેકૃ.૯:૨૬-૨૯** પાઉલનો સાથી કાર્યકર તરીકે અંગીકાર કરવા માટે તેણે યરૂશાલેમના વિશ્વાસીઓને સમજાવ્યા.

**પ્રેકૃ.૧૩:૨-૫** અંત્યોખની મંડળીએ મોકલેલા બાર્નાબાસની વર્ક ટીમના બે સભ્યો કોણ હતા.



*એપોલસ સામાન્ય રીતે બેના જૂથમાં કે નાની ટીમ સાથે નીકળતો*

### ૧બ) ટીમવર્ક અને વ્યક્તિગત પ્રયાસો (શાસ્ત્ર)માં

**મુસા** ઈસ્ત્રાએલના કૂળોના વડીલોના ગાઢ સંપર્કમાં રહીને કાર્ય કરતો હતો અને દેવે તેને પરાક્રમી રીતે વાપર્યો. આમ છતાં તેણે વડીલો વગર એકલા રહીને કામ કર્યું ત્યારે લોકોના રોષનો ભોગ બન્યો અને જે ખડક માંથી દવે પાણી કાઢવાનું વચન આપ્યું હતું તેને ગુસ્સાથી તેણે માર્યું (ગણ.૨૦:૨-૧૨) અને દેવે તેને શિક્ષા કરી.

**દાઉદ રાજા** પણ સૈનિકો યાજકો અને પ્રબોધકોના નિકટના સંપર્કમાં રહીને કાર્ય કરતો હતો. દેવે તેનો પણ પરાક્રમી ઉપયોગ કર્યો પણ એકલા રહીને કાર્ય કરવા જતા તેણે ઉરિયાની પત્ની અને જીંદગી બન્ને લઈ લીધા અને દેવની શિક્ષાનો ભોગ બન્યો. (૨ શમૂ. ૧૧-૧૨ અધ્યાયો) આજ રીતે તેણે એકલી રીતે ઈસ્ત્રાએલની ગણત્રી કરવાનો વગર વિચાર્યો નિર્ણય લીધો કે ઉત્તર અને દક્ષિણના કૂળોની ક્ષમતાની સરખામણી થાય. આ બાબતમાં પણ દેવે તેને શિક્ષા કરી (૨ શમૂ.૨૪)

**યહોશાફાટ રાજા** પ્રાચીન ઈસ્ત્રાએલના રાજ્યમાં દેવના પ્રબોધકોની સાથે રહીને નિર્ણયો કરતો હતો તેણે નગરે નગર દેવનું વચન શિખવવા માટે ઈસ્ત્રાએલના અધિકારીઓને ટીમના રૂપમાં મોકલ્યા (૨ કાળ ૧૭:૭-૯) બીજા કેટલાક રાજાઓ એકલે હાથે કાર્ય કરવા જતા ભૂલ ભરેલા નિર્ણયોના ભોગ બન્યા. આહાબે યહોશાફાટને ક્હયું કે યુધ્ધમાં તે પોતાની ઓળખ છુપાવશે (૧ રા. ૨૨:૩૦-૩૮) અને તે શરમજનક મૃત્યુનો ભોગ બન્યો.

**એલિયાહ પ્રબોધક** તેણે તાલિમબદ્ધ કરેલા પ્રબોધકોના ગ્રુપમાં રહીને સામાન્ય રીતે કાર્ય કરતો હતો. આમ છતાં, જ્યારે તે દુષ્ટ ઈઝેબેલ રાણીથી વ્યર્થ ગભરાટમાં ભાગતો હતો ત્યારે તેણે પોતાના ચાકરને પાછળ મૂક્યો અને એકલો ગયો. તે નિરાશાનો ભોગ બન્યો અને દેવને વિનંતી કરવા લાગ્યો કે હવે બહુ થયું, તું મારો જીવ લઈ લે (૧ રા. ૧૯)

**ઈસુ** એ બાર પ્રેરિતોની કામ કરવા માટેની ટીમ બનાવી. તેમાંનો એક પિતર પાછળથી તેમનો આગેવાન બન્યો. ઈસુને પકડવામાં આવ્યો ત્યારે તેઓ વિખેરાઈ ગયા. આમ, એકલા પડી જવામાં પીતરે ઈસુનો નકાર કર્યો. (માર્ક૧૪:૬૬-૭૨)

**પાઉલે**, કેદખાના સિવાયના સંજોગોમાં બીજા કાર્યકરો સાથે મુસાફરી કરી. જ્યારે તેનો ટીમ સાથી તિતસ ગેર હાજર હતો ત્યારે તે દુઃખી થયો. (૨ કો.૨:૧૨-૧૩) પણ જ્યારે તિતસ તેમના કાર્યમાં પાછો જોડાયો ત્યારે તે ભારે દિલાસો પામ્યો. (૨ કો. ૭:૫-૭)

ખ્રિસ્ત અને તેના પ્રેરિતો સામાન્ય રીતે એકલા કાર્ય કરતા ન હતા તેઓ **કામચલાઉ ટીમ** બનાવવાનું વધારે પસંદ કરતા.

- આ ટીમો કાર્યકારી જૂથો હતા અને તેઓએ ખાસ કામ કરવાના હતા.
- જ્યારે કામ પુરૂં થઈ જતું ત્યારે સભ્યો બદલાઈ જતા અને નવી ટીમનું કાર્ય ચાલુ રહેતું.
- તેઓ પોતાના ટીમ સભ્યોને તાલિમ આપતા અને તેમને પોતાની ટીમ બનાવવા દેતા.

### ૧સી) અંત્યોખની ટીમ

પ્રેરિતોની કાર્ય ટીમ કેવી રીતે બની અને તે કેવી રીતે કાર્ય કરતી હતી તે જૂઓ. **પ્રે. ૧૩ અને ૧૪ અધ્યાયો.**

- પ્રે. ૧૩:૧-૩ દેવે અંત્યોખની મંડળીને મોકલનાર મંડળી બનવા કેવી રીતે સહાય કરી.
- પ્રે.૧૩ અને ૧૪ અધ્યાય આ કાર્યકારી ટીમનો વિરોધ કરનારા જુદા જુદા લોકો અને તેનું પરિણામ.
- પ્રે.૧૪ આ કાર્યકારી ટીમે નવી મંડળીઓમાં આગેવાનો કેવી રીતે નીમ્યા.
- પ્રે.૧૪:૨૬-૨૮ તેઓએ પોતાના કાર્યનો હેવાલ પોતાને મોકલેલ મંડળીને કેવી રીતે આપ્યો.

**૨. અઠવાડિયા દરમ્યાન સાથે મળી કામ કરવા માટે ટીમો બનાવવા સાથી દારો સાથે આયોજન કરો.**

- દવે તમારી મંડળીને પ્રેરિતો તરીકે એફે. ૪:૧૧-૧૨ની પ્રતિજ્ઞા પ્રમાણે જે સેવકો આપ્યા છે તેઓને તૈયાર કરવા માટે પ્રાર્થના કરો.
- બાર્નાબાસ કે જેણે પાઉલને કામ શરૂ કરવામા મદદ કરી જેથી તેની મંડળી મોકલનાર મંડળી બની શકી તેના જેવો કાર્યકર કોણ છે તે સાથીદારો સાથે નક્કી કરો.
- બીજ મંડળીી સાથે પ્રેરિતોની ટીમ બાબતે સહકાર સાધો.
- શેફર્ડ સ્ટોરીબુકના આધારે નવી મંડળી સ્થાપનારાઓને તાલિમ આપો. (પોલ તિમોથી લીડર ટ્રેનીંગ)

**૩. આવનારી ભજનસેવા બાબતે સાથીદારો સાથે આયોજન**

બાર્નાબાસનું કાર્યવૃતાંત આપો અને દેવે તેને ટીમ બાનાવવામાં કેવી સહાય કરી તે કહો. (ભાગ ૧ ઉપર)

વ્યક્તિગત પ્રયાસોને ધ્યાનમાં લઈને ટીમવર્કની **ચકાસણી કરો**. (ઉપર પાર્ટ ૧-બી)

અંત્યોખની ટીમ કેવી રીતે બની અને તેના કાર્ય વિષે **કહો** અથવા નાટક કરીને બતાવો.(પાર્ટ ૧ સી ઉપર)

તમારી મંડળીમાંથી કોઈ કાર્યકારી ટીમ ખ્રિસ્તની સુવાર્તા માટે અથવા નવી મંડળી શરૂ કરવા માટે તમારા વિસ્તારની બહાર ગઈ હોય તો તેનો **અહેવાલ** જાહેર કરો.

અઠવાડીયાની સેવાઓ શરૂ કરતા પહેલાં સમય આપો કે દરેક વિશ્વાસી પ્રભુની આગળ શાંત રીતે પોતાના પાપ કબૂલ કરે. ત્યાર બાદ ગણ. ૯:૧-૧૪ ની વાર્તા કોઈને કહેવાનું જણાવો તેમાંથી સમજાવો કે પ્રાચીન ઈસ્ત્રાએલ પ્રજાના પાસ્ખા પર્વનું મહત્વ હાલમાં આપણી **પ્રભુની મેજ** સાથે સબંધ ધરાવે છે.

બે કે ત્રણના **જૂથ** બનાવીને પ્રાર્થના કરો. બીજાઓની ભૂલો સુધારવી, સલાહ આપવી, ખાતરી પમાડવી. તમે મોકલેલી અથવા મોકલવા માટે નકકી કર્યુ હોય તેવી મંડળી સ્થાપક ટીમો માટે પ્રાર્થના કરો.

નીતિ ૧૧:૧૪ **મુખપાઠ કરો.**



પાઉલ અને બાર્નાબાસે તેમની પ્રથમ મિશનેરી સફર વખતે યોહાન માર્કનો ઉમેળકાભેર અંગીકાર કર્યો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.